ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને ત્રીજા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ એમ કુલ રૂ.૯૨.૫૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ ૨૦૨૨-૨૩

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

**ઠરાવ ક્રમાંક:** SJED/MIS/e-file/17/2022/0019/A-1 Section

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખ:**

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/BEM/e-file/17/2022/0027/B

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૨નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૬/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૮૭૪

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૯૭

**આમુખ:-**

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૮૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ઉક્ત ગ્રાન્ટને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખની ગ્રાન્ટ વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી નિગમ પાસે અગાઉના વર્ષોની વહીવટી ગ્રાન્ટ જમા હોઇ તેમજ વહીવટી ગ્રાન્ટનો પ્રથમ હપ્તો બચત રહેતા સદર નિગમને વહીવટી ગ્રાન્ટનો બીજો હપ્તો ન ફાળવવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ જણાવેલ. આમ, ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૪૬.૨૫ લાખ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકેલ છે. હવે, વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં **ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ** માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ એમ કુલ રૂ.૯૨.૫૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૪૬.૨૫ લાખ એમ કુલ રૂ.૯૨.૫૦ લાખ (અંકે રૂપિયા બાણું લાખ પચાસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૦ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,**

**(કલ્પના રાણા)**

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.13
16:05:51 +05:30

File No: SJED/MIS/e-file/17/2022/0019/A-1 Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા/કો.સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સિલેકટ ફાઇલ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.13
16:05:51 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign